# ઊડી રહ્યું છે પંખી

છોડીને ઝાડવાને ઊડી રહ્યું છે પંખી,
આકાશ આંબવાને ઊડી રહ્યું છે પંખી.

'ના પાંખની કદર છે ના જાતમાં છે ક્ષમતા',
મ્હેણું એ ભાંગવાને ઊડી રહ્યું છે પંખી.

સૂની પડી ગયેલી પાકટ હવાની કૂખે,
ટહુકાઓ સ્થાપવાને ઊડી રહ્યું છે પંખી.

હાંફી ગયા પછી પણ રાખ્યો પ્રવાસ કાયમ,
પોતાને પામવાને ઊડી રહ્યું છે પંખી.

'સ્થળ-ચણનો મોહ ત્યાગી નીકળી શકે તે પામે' -
આ સત્ય સાધવાને ઊડી રહ્યું છે પંખી!

# માણસ

ઠાગા-ઠૈયા કરતો માણસ,
ઝીણું-ઝીણું બળતો માણસ.

ધર્મો ને પંથોનાં નામે,
અંદર-અંદર લડતો માણસ.

ભીતરનું અજવાળું છોડી,
અંધારામાં ફરતો માણસ.

ભવસાગરમાં ઊંડે-ઊંડે,
તરણું લઈને તરતો માણસ.

દુનિયા આખી શોધી નાખી,
પોતાને ક્યાં જડતો માણસ?

છેલ્લે તો બસ માટી-માટી,
ધીમે-ધીમે ગળતો માણસ.

# લખાતું નથી કશું

ઉકળાટ જો વધે તો લખાતું નથી કશું,
તું ખૂબ સાંભરે તો લખાતું નથી કશું.

થોડી-ઘણી જો હો તો તરત વ્યક્ત થાય છે,
હદથી વ્યથા વધે તો લખાતું નથી કશું.

સંગાથ તારો મારી પ્રતીતિના પ્રાણ છે,
સાથે તું ના રહે તો લખાતું નથી કશું!

અશ્રુ વહે છે ત્યાં સુધી લખવાનું શક્ય છે,
આંખો જો ઓગળે તો લખાતું નથી કશું!

શબ્દો સ્વયં જો અવતરે, અવસર બની રહે,
ઊભરો ફક્ત ચડે તો લખાતું નથી કશું!

# તો

વાત સુધરી શકે, વાત જો થાય તો,
આટલી વાત બંનેને સમજાય તો!

આપ સીધા જ રસ્તે જતા હો અને,
માર્ગ સામે ચડી જાતે ફંટાય તો?

એ જ ડરથી અરીસો એ જોતા નથી,
સામે છેડેથી આરોપી ઝડપાય તો!

પ્રેમમાં ઊંડા ઊતરો પછી ભય રહે,
હો ગળાડૂબ ને શ્વાસ રૂંધાય તો!

આ ક્ષણોની રમત ત્યાગવી નહીં પડે,
સાત કોઠા સમો કાળ ભેદાય તો!

## પ્રેમનગરીનું પતન

કેમ થ્યું ’તું પ્રેમનગરીનું પતન?
આવ તું જાતે કરી જો ઉત્ખનન.

જો મળે તારી અને મારી નજર,
આંખથી અત્તર ઝરે, મહેકે બદન.

હસ્તરેખા ભૂંસી નાખી મેં પ્રથમ,
એ પછી ચીતરી શકાયું છે મિલન.

સાવ ખાલી થઈ જવું થઈને શબદ,
ને પછી ભૂલી જવું સઘળું કવન.

જેટલી અઘરી જુદાઈ આપણી,
એટલું જબરું થવાનું છે મિલન.

દીવડાની આત્મશ્રદ્ધા જોઈને,
સૂર્ય છે ચિંતિત ને મૂંઝાયો પવન!